આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-28-01-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ – સંસદના બંને ગૃહને સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સંસદના સંયુક્ત ગૃહોની બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવાના તાજેતરના બનાવોની ન્યાયી તપાસ માટે પ્રતિબધ્ધ છે.

રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, તાજેતરની લોકસભાની ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરના નાગરિકોએ મોટી સંખ્યામાં મતદાન કરીને દેશના દુશ્મનોને યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, કૃષિ, ડેરી અને પશુપાલન આધારિત ઉદ્યોગોનું ગ્રામીણ વિસ્તારોમાં વિસ્તરણ કરવાને કેન્દ્ર સરકાર ટોચની અગ્રતા આપશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## રાજ્યમાં 17 નગરપાલિકા મંજુરી

રાજ્ય સરકારે ૧૭ નગરપાલિકામા ભૂગર્ભ ગટરવ્યવસ્થા માટે કુલ ૩૧૧ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરાયેલી દરખાસ્તોના આધારે મુખ્યમંત્રીએ સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી – શાળા પ્રવેશોત્સવ

રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યભરમાં ચાલી રહેલા શાળા પ્રવેશોત્સવના ગઈકાલે બીજા દિવસે છોટાઉદેપુરની પી.એમ.શ્રી તાલુકા શાળામાં ગઈકાલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ માં બાળકો તેમજ ધોરણ-૯ તથા ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપીને તેમનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.

RNU અમદાવાદ

---

## મુખ્યમંત્રી – સ્વાગત કાર્યક્રમ

રાજ્યના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્યકક્ષાનો સ્વાગત કાર્યક્રમ આવતીકાલે બપોરે યોજાશે. નાગરિકો તેમની રજૂઆતો શનિવારનાં રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે સાડા ત્રણ કલાકે મુખ્યમંત્રીના કાર્યાલયમાં જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવે છે, પરંતુ મુખ્યમંત્રી, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી ગુરૂવારને બદલે શનિવારે યોજાયો છે.

RNU અમદાવાદ

---

## નૈરૂત્ય ચોમાસુ

નૈઋત્ય ચોમાસુ હવે ગુજરાત નજીકના ઉત્તર અરબી સમુદ્ર, રાજસ્થાનના ઘણા વિસ્તારો અને પશ્ચિમ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, નૈઋત્ય ચોમાસુ રાજસ્થાન અને મધ્યપ્રદેશના બાકીના વિસ્તારોમાં તેમજ પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આગામી બે-ત્રણ દિવસમાં આગળ વધે તેવા અનુકૂળ સંજોગો ઉભા થયા છે.

RNU અમદાવાદ

---

## હવામાન - રાજ્ય

રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળોએ આગામી 24 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ જયારે આગામી ચાર દિવસોમાં રાજયના મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા સ્થળોએ હળવોથી ભારે વરસાદ થવાની શકયતા છે.

RNU અમદાવાદ

---

## કચ્છ - વરસાદ

કચ્છ જિલ્લામાં ગઈકાલે 6 તાલુકામાં મેઘરાજાએ હાજરી પુરાવી હતી. આદ્રા નક્ષત્રમાં થયેલા આ વરસાદથી ખેડૂતો તેમજ માલધારીઓમાં આનંદની લાગણી વ્યાપી છે. ગઈકાલે બપોરે જિલ્લા મથક ભુજમાં બે ઈંચ વરસાદથી હમીરસર તળાવમાં નવા નીર આવ્યા હતા. જો કે, શહેરના નીચાણવાળા વિસ્તારોમાં જળ ભરાવની સમસ્યાઓ સર્જાઈ હતી. જિલ્લામાં માંડવી, નખત્રાણામાં અડધાથી દોઢ ઈંચ વરસાદ થયાના સમાચાર છે. અબડાસા અને ગાંધીધામમાં પણ અમીવર્ષા થઈ હતી.

જો કે, આ જ સમયગાળામાં રાજયમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી, જયારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી વધુ નોંધાયું છે.

---

## કચ્છ જિલ્લા પ્રભારી- શાળા પ્રવેશોત્સવ

રાજ્યના આરોગ્ય કમિશનર અને કચ્છ જિલ્લાના પ્રભારી સચિવ હર્ષદ પટેલે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના બીજા દિવસે દયાપર કલસ્ટરની સુભાષપર પ્રાથમિક શાળા, બીટીયારી પ્રાથમિક શાળા અને મોડેલ સ્કૂલ દયાપર ખાતે બાળકોને પ્રવેશ અપાવતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થી જીવનમાં નિયમિતતા ખૂબ જ જરૂરી છે. શિક્ષણમાં નિયમિત રહીએ અને મહેનત કરીએ તો નિર્ધારિત લક્ષ્યને સરળતાથી હાંસલ કરી શકાય છે.

મા.ખા.

---

## ક્રિકેટ – IIC પુરૂષ ટી-20 (1)IND-ENG (2) SA-AFG

આઈસીસી પુરૂષ ટી- ટ્વેન્ટી ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે વરસાદના વિઘ્નથી પ્રભાવિત ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની સેમિફાઈનલ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને **68** રનથી પરાજીત કરી **10** વર્ષ બાદ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. કપ્તાન રોહિત શર્માના **57** રન તેમજ ભારતીય સ્પીનરો અક્ષર પટેલ અને કુલદીપ યાદવે **3-3** વિકેટ ઝડપી જીતમાં મહત્વ પૂર્ણ યોગદાન આપ્યું હતું. ત્યારે અન્ય સેમીફાઈનલમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાન પર **9** વિકેટે વિજ્ય મેળવી ફાઈનલમાં સ્થાન પાકુ કર્યું. અફઘાનિસ્તાને આપેલો **57** રનનો લક્ષ્યાંક દક્ષિણ આફ્રિકાએ **1** વિકેટના ભોગે પાર કર્યો હતો. હવે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ફાઈનલ મેચ રમાશે.

RNU અમદાવાદ

---